INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૭-૦૩-૨૦૨૫**

- **ભાજપા સરકારની અસીમ કૃપા નીચે CCI દ્વારા થતી MSP ના ભાવે કપાસની ખરદીમાં ખડુતો સાથે થતી છતરપિંડી. - મનહર પટેલ**

ભારત સરકાર દ્વારા 2024-25 સીઝનનો કપાસ MSP ના ભાવે ખરીદી કરવા થયેલ ORDER પ્રમાણે ખેડૂતો પાસેથી વિવિધ કેન્દ્રો દ્વારા કપાસની ખરીદી થયેલ છે. જેમાં નીચે પ્રમાણે રીત-રસમો અપનાવી ખેડૂતો સાથે છેતરપીંડી કરી સરકારશ્રીના ખેડૂતોના હક્કના નાણા અન્યોના ખીસ્સામા જઈ રહ્યા છે. આ ખરીદીમાં સંચાલકો તરફથી ચાલાકી વાપરવામાં આવે છે અને ભ્રષ્ટાચારનો અંજામ આપવામાં આવે છે તેમાં ખાસ કરીને ખેડૂત CCI માં કપાસ વેચવા પોતાનુ Registration કરાવી કપાસ વેચવા જાય ત્યારે સરકારશ્રીના **order no.1/20/2024-25/MSP/cotton/38-91.** Date 29-07-2024 ની ઉપરવટ જઈ ખરીદ કેન્દ્ર પર કપાસનું ઉપરના order પ્રમાણે પરીક્ષણ ન કરતા, તમારા કપાસમા ભેજ છે, સડાનો ભાગ છે, રૂ નુ પ્રમાણ ઓછુ છે, RD factor બરાબર નથી, તારની લંબાઈ ઓછી છે વગેરે વગેરે મુદ્દાઓને આગળ કરીને ખેડુતોને કહે છે તમારો કપાસ CCI મા નહી ચાલે એવું કહે છે અને માત્ર અતિ ઉત્તમ ગુણવત્તા વાળો કપાસ જ ખેડૂતો પાસેથી ખરીદે છે. આવી રીતે ખેડૂતોના મગજમા એક વાત ઠસાવવામા આવે છે કે અતિ ઉત્તમ ગુણવત્તા વાળો કપાસ CCI ટેકાના ભાવે ખરીદે છે, જ્યારે બીજી તરફ સહેજ પણ હલકી ગુણવત્તાનો કપાસ બજાર (નીચા) ભાવે ખરીદી મળતીયાઓના Documents no ઉપયોગ કરી તે જ કપાસ CCI મા MSP ના ભાવે વેચે છે.આવુ ખુબ ચાલી રહ્યુ છે તેમાંથી એક કીસ્સો બોટાદ જીલ્લાના ગઢડામા ACB એ કરી રંગે હાથે પકડેલ છે.આમ ખેડૂતો ને ગામડે - ગામડે જઈ નિર્ભય કરી પુછવામા આવે અને તેની વાત સાથે CCI ખરીદ કેન્દ્રોના હિસાબો તપાસમા આવે તો તેમાં કપાસની ખરીદીમાં ખૂબ મોટા પાયે ભ્રષ્ટાચાર સામે આવી શકે તેમ છે આ દિશામાં સરકારશ્રી પોતાની ખેડૂતો પ્રત્યે સંવેદના દેખાડે તેવી માંગ કરીએ છીએ...

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ